# સ્થાનિક-આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના રિયલ ટાઈમ ડેટા માટે 'આતિથ્યમ' ડેશબોર્ડનું લોન્ચિંગ

## પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઈ બેરાના હસ્તે ગાંધીનગરથી 'આતિથ્યમ' ડેશબોર્ડનું લોન્ચિંગ કરાયું

ગાંધીનગર

પ્રવાસન ક્ષેત્રના વિકાસ થકી વધુ રોજગારી ઉપલબ્ધ કરાવવા સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના રિયલ ટાઈમ ડેટા માટે 'આતિથ્યમ' ડેશબોર્ડનું લોન્ચિંગ કરનાર ગુજરાત એ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું છે તેમ, આજે ગાંધીનગરથી 'આતિથ્યમ' ડેશબોર્ડનું લોન્ચિંગ કરતા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.




મંત્રીએ કહ્યું હતું કે, પ્રવાસનના ક્ષેત્રમાં ગુજરાતે ખૂબ ઊંચી ઉડાન ભરી છે, આજથી ૨૦ વર્ષ પહેલાં ભારતના પ્રવાસનના નકશામાં ગુજરાતનું ક્યાંય નામો-નિશાન નહોતું ત્યારે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે જેના પરિણામ સ્વરૂપે આજે વિશ્વભરમાં ગુજરાત પ્રવાસન ક્ષેત્રે મૈત્રી પૂર્ણ રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રવાસનને એક મિશન મોડ તરીકે લેવા કરેલા અનુરોધના ભાગરૂપે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આ વર્ષે ૨૦૨૩-૨૪ના ગુજરાત બજેટમાં પ્રવાસન ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અત્યાર સુધીમાં સૌથી વધુ રૂ. ૨,૦૭૭ કરોડની જોગવાઈ એટલે કે ગત વર્ષ કરતા પ્રવાસન બજેટમાં ૩૪૬ ટકાનો વધારો કર્યો છે.

પ્રવાસન મંત્રીએ જણાવ્યું હતું કે, 'આતિથ્યમ' ડેશબોર્ડમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ, પ્રવાસન સ્થળોની કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી તેની માહિતી પણ એકત્ર થશે એટલું જ નહિ, ડેશબોર્ડના માધ્યમથી પ્રવાસીઓની ઉંમર, ઘરેલુ કે આંતરરાષ્ટ્રીય પ્રવાસી, પ્રવાસનો હેતુ, કેટલા દિવસ કે રાત્રિ રોકાણ કર્યું તેની વિગતો પણ ઉપલબ્ધ થશે. સચોટ આંકડાકીય વિગતો પ્રાપ્ત થવાને પરિણામે પ્રવાસન સ્થળોને વધુ વિકસિત કરવા માટે વિવિધ પ્રકારની યોજના, પ્રવાસી સુવિધાઓ વિકસાવવા તેમજ પ્રોજેક્ટ નિર્ધારિત કરવામાં ગુજરાત સરકારને વધુ સરળતા રહેશે. ગુજરાતના જીડીપીમાં પ્રવાસન ક્ષેત્રના યોગદાન વિશે ચોક્કસ માહિતી પણ પ્રાપ્ત થશે.

### અમદાવાદમાં નવમીથી ભારત-ઓસ્ટ્રેલિયા ચોથી ટેસ્ટ

# વડાપ્રધાન બે દિવસના ગુજરાતના પ્રવાસે આવશે

## નવમી માર્ચે ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે મેચ નિહાળશે : બંને વડાપ્રપધાન કોમેન્ટ્રી કરે એવી શક્યતા

નવી દિલ્હી, તા.૬

અમદાવાદમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી અંતર્ગત ચોથી ટેસ્ટ મેચ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૯મી માર્ચે રમાવાની છે. આ મેચ માટે પીએમ મોદી ૮-૯ માર્ચે ગુજરાત પ્રવાસે આવશે. પીએમ મોદી ૮ માર્ચે રાત્રે ૮ કલાકે અમદાવાદ પહોંચશે. ગાંધીનગરમાં રાજભવન ખાતે તેઓ રાત્રી રોકાણ કરશે.

૯ માર્ચે સવારે ૮ કલાકે પીએમ મોદી અમદાવાદ આવવા રવાના થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં તેઓ ઓસ્ટ્રેલિયાના પીએમ સાથે ટેસ્ટ મેચ નિહાળશે. ટોસ દરમિયાન બંને દેશના પ્રધાનમંત્રી સાથે સ્ટેડિયમમાં જોવા મળી શકે છે. પીએમ મોદી ૧૦ વાગ્યે ગાંધીનગર જવા રવાના થશે. જ્યાં બપોરે ૨ વાગ્યા સુધી રાજભવનમાં રોકાશે અને ૨ વાગ્યા બાદ દિલ્લી જવા રવાના થશે. આ મેચ દરમિયાન બંને પ્રધાનમંત્રી કોમેન્ટરી કરે તેવી પણ શક્યતા છે.

સિડની ખાતે આલ્બાનેસેએ જણાવ્યું હતું કે, મને ભારતના વડાપ્રધાનના હોમ સ્ટેટમાં યોજાનાર ક્રિકેટ મેચ જોવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વ્યાપારની તકો માટે અમારુ ડેલિગેશન ભારત જઈ રહ્યું છે. ક્રિકેટ લોકો અને તેમની પરંપરાઓને એક સાથે લાવે છે. તેમજ તે વૈશ્વિક સંબંધો કેળવવા માટે પણ મદદરૂપ થાય છે. જેથી હું આ મેચ અને ભારતની મુલાકાત માટે તત્પાર છું. માર્ચમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ચાર ટેસ્ટ મેચ રમવા માટે ભારત આવશે. જેમાથી ચોથી ટેસ્ટ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૯થી ૧૩ માર્ચ સુધી રમાશે. અમદાવાદમાં આવેલા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં ૯મી માર્ચથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે શ્રેણીની ચોથી અને આખરી ટેસ્ટ મેચ રમાશે. ભારત અને ઓસ્ટ્રેલિયા અમદાવાદમાં પહેલીવાર ટેસ્ટમાં આમને – સામને ટકરાશે. ટીમ ઈન્ડિયાએ અમદાવાદના મેદાન પર શાનદાર દેખાવ કરીને આગવું પ્રભુત્વ જમાવ્યું છે. ભારત અમદાવાદમાં છેલ્લા ૧૫ વર્ષથી એક પણ ટેસ્ટ મેચ હાર્યું નથી.

# ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ

## જૂનાગઢમાં ૧થી ૩ ઇંચ જેટલો વરસાદ : વિસાવદરમાં સતત ત્રણ કલાક ધોધમાર વરસાદ વરસ્યો આંબાજળ નદીમાં ઘોડાપુર, ધસમતા પાણી વહ્યા : ભરૂચના જંબુસરમાં એક મહિલાનું મોત : અમરેલીમાં પૂર : હવામાન વિભાગે હજી ૩ દિવસ સુધી કમોસમી વરસાદની આગાહી કરી

અમદાવાદ,તા.૬

અમદાવાદ શનિવાર અને રવિવાર બાદ સોમવારે પણ ગુજરાતના અનેક જિલ્લાઓના વાતાવરણમાં પલટો આવ્યો અને ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો. ૪૦થી ૫૦ કિમીની પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા વડોદરામાં ઝાડ ધરાશાયી થતાં પાર્ક કરેલા વાહનો દટાયા તો અમદાવાદમાં પણ પવન ફૂંકાયો. અમરેલીમાં કેટલીક ધોધમાર વરસાદને કારણે સ્થાનિક નદી બે કાંઠે વહેતી થઈ છે અને પૂર પણ આવ્યું છે. જ્યારે ઉત્તર ગુજરાતના પાટણ અને મહેસાણામાં કરા પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, રવિવારે સુરેન્દ્રનગરના પાટડીમાં વહેલી સવારે કરા પડ્યા હતા. જ્યારે વલસાડ, પાટણ, બનાસકાંઠા, ભુજ અને ગોંડલના કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો. જ્યારે કચ્છના રાપરમાં વીજળી પડવાને કારણે એક યુવકનું મોત પણ થયું હતું. જ્યારે આજે જંબુસરમાં એક વ્યક્તિનું મોત થતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ દરમિયાન હવામાન વિભાગે હજી ૩ દિવસ સુધી કમોસમી વરસાદની આગાહી કરી હોવાનું જાણવા મળ્યું છે. મહેસાણા જિલ્લામાં વાવાઝોડાની અસર થઈ છે. બહુચરાજી, ઊંઝા અને મહેસાણા સહિત અનેક વિસ્તારમાં વરસાદ થયો છે. વાવાઝોડા, વરસાદની સાથે અનેક જગ્યાએ કરા પણ પડ્યા છે. વાવાઝોડાના પગલે અનેક વૃક્ષો ધરાશાયી થયા છે.

પાટણમાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો અને અનેક જગ્યાએ વરસાદની સાથે કરા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. આ ઉપરાંત મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન વડનગરમાં બપોરે બાદ ભારે પવન ફૂંકાતા વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ. અમરેલીના અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. ધારી તાલુકાના બોરડી ગામે શેત્રુંજી નદીમાં પુર આવ્યું છે. ચોમાસા જેવો વરસાદ ભર ઉનાળે ખાબક્યો છે. ધારીના નક્કી મીઠાપુર ગામે બરફના કરાનો જોરદાર વરસાદ થયો છે. જૂનાગઢમાં ભરઉનાળે ચોમાસા જેવા માહોલ સર્જાયો છે. વિસાવદરમાં સતત ત્રણ કલાક ધોધમાર વરસાદ વરસ્યો છે. મુંડીયારાવણી, વેકરીયા, રાજપરા ગામમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. લાલપુર, જેતલવડ, સહિતના ગ્રામ્ય વિસ્તારમાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. આંબાજળ નદીમાં ઘોડાપુર આવ્યું છે. જેના લીધે નદીમાં ધસમતા પાણી વહ્યા છે. સાથે જ ધારીની શેત્રુંજી નદીમાં પણ નીર આવ્યા છે. અમરેલીમાં સતત ત્રીજા દિવસે વરસાદ પડ્યો. ધારી તાલુકામાં ધોધમાર વરસાદ સ્થાનિક નદી બે કાંઠે વહેતી થઈ હતી. જ્યારે કચ્છમાં પણ કમોસમી વરસાદના ઝાપટા પડ્યા. ભુજમાં અનેક જગ્યાએ માવઠું પડતા ખેડૂતો ચિંતિત બન્યા છે. આ ઉપરાંત



અંકલેશ્વર પંથકમાં હોળીના દિવસે વાતાવરણમાં પલટા વચ્ચે વાવાઝોડા સાથે પવન ફુંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી. જ્યારે ભરુચના જંબુસરમાં ભારે પવન ફૂંકાતા ઘર આંગણે બેસેલી મહિલા પર વૃક્ષ પડતાં ઘટનાસ્થળે મોત થયું. આ અકસ્માતમાં અન્ય એક મહિલા અને બાળકીને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. વડોદરામાં ભારે પવન ફૂંકાતા વૃક્ષો ધરાશાયી થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર એક શોપિંગ સેન્ટર પાસે આવેલું વૃક્ષ ધરાશાયી થયું છે. વૃક્ષ નીચે અનેક ટુ વ્હીલર દબાયા છે. સાંજે ૪ વાગ્યા બાદ અમદાવાદના પણ કેટલાક વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવ્યો. ઘાટલોડિયા વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઉડતા વાહનચાલકો હેરાન-પરેશાન થઈ ગયા. ગુજરાતમાં તોફાની વરસાદ વચ્ચે હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરી છે. રિપોર્ટ અનુસાર ગુજરાતના ૨૯ જિલ્લાઓમાં વરસાદ પડશે. આ દરમિયાન કેટલાક જિલ્લાઓમાં પવન સાથે વરસાદ પડવાની શક્યતા છે. તેની સાથે જ ૪૦થી ૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે તેવું હવામાન વિભાગનું કહેવું છે.

### ભાજપે ૨૦૨૪ ચૂંટણીને લઈને કર્યું એલાન

# ભાજપ એપ્રિલમાં ઘર-ઘર જોડો અભિયાન શરૂ કરવા જઈ રહી છે

## વર્ષ ૨૦૨૪માં થનારી લોકસભાની ચૂંટણી માટે હવે તમામ પાર્ટીઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે

અમદાવાદ,તા.૬

વર્ષ ૨૦૨૪માં થનારી લોકસભાની ચૂંટણી માટે હવે તમામ પાર્ટીઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસની ભારત જોડો યાત્રા બાદ હવે ભાજપે મોટું એલાન કર્યું છે. ભાજપ ૨૦૧૯ની જેમ ફરી એકવાર ૨૦૨૪માં રેકોર્ડ તોડવા ઈચ્છે છે. ત્યારે હવે ભાજપ પણ 'ઘર-ઘપ જોડો' અભિયાન શરૂ કરવા જઈ રહી છે. આ અભિયાન અંતર્ગત ભાજપ દલિતો અને અનુસૂચિત જાતીઓ પર ફોકસ કરવાની છે.

દેશમાં ૧૭% વોટર્સ આ આબાદીથી આવે છે અને પાર્ટીનું ટાર્ગેટ પોઈન્ટ હવે આ ૧૭% પર હોય તેવું લાગી રહ્યું છે. પાર્ટી ૧૪ એપ્રિલથી ૫ મે સુધી દેશમાં આ અભિયાનને ચલાવવાની છે જેની અંતર્ગત ભાજપ નેતા દલિતોનાં ઘરોમાં પ્રવાસ કરશે. ૧૪ એપ્રિલનાં આંબેડકર જયંતિ છે અને ૫ મેનાં રોજ બૌદ્ધ જયંતિ છે.

આ દરમિયાન કેન્દ્રની સત્તામાં ભાજપ પાર્ટી ઘર-ઘર જોડો અભિયાન કરવા જઈ રહી છે. આ અભિયાનની મદદથી સરકારી યોજનાઓનાં લાભથી વંચિત દલિત પરિવારોને યોજનાઓનો લાભ આપવામાં આવશે. આ અભિયાનનું સમાપન દિલ્હીનાં તાલકટોરા સ્ટેડિયમમાં થશે જે દરમિયાન એક ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જેમાં પીએમ નરેન્દ્ર મોદી દલિત સમુદાયનું સંબોધન કરશે.દેશમાં લોકસભાની ૧૩૧ સીટો રિઝર્વ છે જેમાં ૮૪ અનુસૂચિત જાતિ, ૪૭ અનુસૂચિત જનજાતિ માટે છે. એક સમયમાં દલિતોનાં બહુબળવાળી તમામ સીટો પર કોંગ્રેસ અને બહુજન સમાજ પાર્ટીનો દબદબો હતો પરંતુ ૨૦૧૯માં નરેન્દ્ર મોદીએ ૨૦૧૪નાં રેકોર્ડને તોડતાં ભાજપએ ૭૭ રિઝર્વ સીટો પર કબ્જો કર્યો છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે આજથી કેસુડાં ટુરનો શુભારંભ

## મુલાકાતીઓ ઓનલાઇન બુકિંગ કરી તેમની અનુકૂળતા મુજબ સ્લોટ બુક કરાવી શકશે

ગાંધીનગર, તા.૬

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટાથી આજે સ્ટેચ્યુ ઓફ યુનિટી- એકતાનગર વિશ્વકક્ષાનું પ્રવાસનધામ બન્યુ છે. એકતાનગરની આજુ-બાજુનો વિસ્તાર કેસુડાના ૬૫ હજારથી પણ વધુ વૃક્ષથી સમૃધ્ધ છે. વસંત ઋતુના આગમન સાથે જ આ વિસ્તારમાં કેસુડાના ફૂલોની ચાદર છવાઈ ગઈ છે. આ અહ્લાદક નજરાણું સામાન્ય જનતા પણ માણી શકે તે માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કેસુડા ટુરની શરૂઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.




આ કેસુડાં ટુરનો આજ તા. ૭મી માર્ચથી શુભારંભ થશે. આ સફરમાં નિષ્ણાંત વનકર્મીઓ અને તાલીમબદ્ધ ભોમિયા(ગાઈડ) નાગરિકોને કુદરતની રચના અને સમૃદ્ધ વનનો પરિચય કરાવશે.

કેસુડાં ટુરમાં પ્રવાસીઓને બસમાં શ્રેષ્ઠ ભારત ભવનથી વિંધ્યાચલમાં ફેલાયેલા ભવ્ય અને પ્રાચીન જંગલમાં લઈ જવામાં આવશે, જે કેસુડાના ગાઢ જંગલો ધરાવે છે.

તેઓ પરાગરજની ચમત્કારિક દુનિયા અને કેસુડાના ફૂલો સાથેના તેમના જોડાણને જોતા-જોતા ખીણો અને કોતરો સાથે લગભગ ૩-૪ કિમી સુધી ટ્રેક કરશે. ટ્રેકીંગ પછી પ્રવાસીઓને ખલવાણી ઈકોટુરિઝમ સાઈટની પણ મુલાકાત કરાવવામાં આવશે.

આ ટૂરનો સમય સવારે ૦૭:૦૦ થી ૧૦:૦૦ અને સાંજે ૦૪:૦૦ થી ૦૭:૦૦ સુધીનો રહેશે. મુલાકાતીઓ www.soutickets.in પરથી ઓનલાઈન બુક કરી તેમની અનુકૂળતા મુજબ સ્લોટ બુક કરાવી શકે છે.

### આત્મનાદ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

પાણી પણ ન હલે કે ઘરમાં શું પ્રશ્ન ઊભો થયો છે જરા જોઉ તો ખરો ? મારાથી કંઈ રસ્તો નીકળી શકે એમ છે ખરો ? આવું ન વિચારતા લોકોથી જ પારિવારિક સૌહાર્દ ડગમગવા લાગે છે. આવા પ્રસંગોથી એક બીજાનો પ્રેમ પ્રાપ્ત કરી નજીક જવાની બદલે અંતર વધતુ જાય. આ બિલકુલ સ્વાભાવિક બાબત છે. ટેકનોલોજીકલ ગેઝેટ, નોકરી, સત્તા, પૈસા, હરવુ-ફરવુ વગેરે ચોક્કસ મહત્વના છે પણ એનાથી વધુ પરિવારમાં ત્રણ 'સ' સૌથી મહત્વના છે. આ ત્રણ 'સ' પારિવારિક સૌહાર્દ, સંભાળ અને સૌજન્યના છે. જ્યાં પરિવારમાં સંભાળ છે ત્યાં પ્રેમ અને સૌહાર્દનો સાગર છે.

**ધબકાર :**

એક સ્ત્રી જ ચાર દિવાલ અને છતને ઘરનો દરજ્જો આપી શકે છે. પરિવારના સૌની સંભાળમાં સુખ જોતી મહિલા અને પોતાના સુખ અને મરજીને મહત્ત્વ આપતી મહિલાના પરિવારમાં મોટુ અંતર હોય છે.

# કાર નાળામાં ખાબકતાં ભાજપ નેતાના પુત્રનું મોત

લીંબડી, તા.૬

રાજકોટ અમદાવાદ હાઈવે પર લીંબડી નજીક ગઈકાલે રાત્રે એક ભયાનક અકસ્માતમાં રાજકોટ ભાજપના અગ્રણી નેતાના પુત્રનું અકસ્માતમાં મોત થયું હતું. રાજકોટમાં સંતકબીર રોડ પરના નંદુબાગ સોસાયટીમાં રહેતા અને વોર્ડ નંબર ૬ના પ્રભારી રમેશભાઈ પરમારના પુત્ર વિમલનું અકસ્માતમાં મૃત્યુ થયું હતુ. વિમલ પરમારે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો જેના લીધે કાર રસ્તા પરથી નીચે ઉતરી નાળામાં ખાબકી હતી. તેમની સાથે કારમાં બેઠેલા જીગ્નેશ નામનો યુવક કારમાંથી બહાર નીકળ્યો હતો પણ વિમલનુ ગંભીર ઈજા થવાથી મૃત્યુ થયું હતું.

# ગિરનાર આરોહણ-અવરોહણમાં ઈનામની રકમ વધારવામાં આવી

ગિરનાર,તા.૬

નેશનલ કક્ષાની આરોહણ-અવરોહણ સ્પર્ધામાં રૂ, ૫.૫૦ લાખ હતી તે ૧૯ લાખ કરાઈ. વિધાનસભામાં રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ મહત્વની જાહેરાત જાહેરાતા કરી છે. ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં ઈનામની રકમ વધારાઈ છે જેમાં ઈનામની રકમ રૂ. ૬૬ હજાર હતી તે વધારી ૮.૪૦ લાખ કરવામાં આવી છે. ગિરનાર આરોહ અને અવરોહણ સ્પર્ધામાં ઈનામને લઈ જુનાગઢના ધારાસભ્યએ આ અંગે વિધાનસભામાં રજુઆત કરી હતી. જેને લઈ રમતગમત મંત્રી હર્ષ સંઘવી સ્પર્ધાની ઈનામી રકમમાં વધારો કરવાની જાહેરાત કરી છે. નેશનલ કક્ષાની આરોહણ અવરોહણ સ્પર્ધામાં ૫.૫૦ લાખ હતી તે ૧૯ લાખ કરાઈ છે.

તેમજ સમુદ્ર તરણ સ્પર્ધાની રકમ રૂ ૨.૨૦ લાખની ઈનામી રકમ કરવામાં આવી છે.

# ગિરનાર આરોહણ-અવરોહણમાં ઈનામની રકમ વધારવામાં આવી

## ઇનામની રકમ ૬૬ હજાર હતી તે ૮.૪૦ લાખ કરાઈ : નેશનલ કક્ષાની સ્પર્ધામાં ૫.૫૦ લાખ હતી તે ૧૯ લાખ કરાઈ

ગિરનાર,તા.૬

ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં ઈનામની રકમ વધારવાની વિધાનસભામાં રમતગમત મંત્રી હર્ષ સંઘવીની જાહેરાત, નેશનલ કક્ષાની આરોહણ-અવરોહણ સ્પર્ધામાં રૂ, ૫.૫૦ લાખ હતી તે ૧૯ લાખ કરાઈ.વિધાનસભામાં રમતગમત મંત્રી હર્ષ સંઘવીએ મહત્વની જાહેરાત જાહેરાતા કરી છે. ગિરનાર આરોહણ અને અવરોહણ સ્પર્ધામાં ઈનામની રકમ વધારવાની જાહેરાત કરી છે. જેમાં ઈનામની રકમ રૂ. ૬૬ હજાર હતી તે વધારી ૮.૪૦ લાખ કરવામાં આવી છે.ગિરનાર આરોહ અને અવરોહણ સ્પર્ધામાં ઈનામને લઈ જુનાગઢના ધારાસભ્યએ આ અંગે વિધાનસભામાં રજુઆત કરી હતી. જેને લઈ રમતગમત મંત્રી હર્ષ સંઘવી સ્પાર્ધાની ઈનામી રકમમાં વધારો કરવાની જાહેરાત કરી છે. નેશનલ કક્ષાની આરોહણ અવરોહણ સ્પર્ધામાં ૫.૫૦ લાખ હતી તે ૧૯ લાખ કરાઈ છે. તેમજ સમુદ્ર તરણ સ્પર્ધાની રકમ રૂ ૨.૨૦ લાખની ઈનામી રકમ કરવામાં આવી છે.

# અમદાવાદ શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિક જામની સમસ્યા વધી રહી છે

## ટ્રાફિક હળવો કરવા એએમસી લેશે મહત્ત્વનો નિર્ણય : શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૬ ટ્રાફિક જંકશન ઉપર લેફ્ટ ફ્રી પોઇન્ટ અમલમાં મુકવામાં આવ્યા છે

અમદાવાદ, તા.૬

શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિક જામની સમસ્યા વધી રહી છે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૧૬ ટ્રાફિક જંકશન ઉપર લેફ્ટ ફ્રી પોઈન્ટ અમલમાં મુકવામાં આવ્યા છે. શહેરમાં ઓફિસ જવા આવવાના સમયે ટ્રાફિક જામ થઈ જાય છે. વાહન ચાલકોને મિનિટો સુધી સિગ્નલ પર ઉભા રહેવું પડે છે. જેના કારણે સમય, શક્તિ અને ઈંધણનો વ્યય થાય છે. જેથી શહેરના ટ્રાફિકના વિષય પર મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં ચર્ચા થઈ હતી.

ચર્ચા બાદ શહેરમાં ટ્રાફિક પોલીસના સંકલન સાથે અલગ અલગ વિસ્ચારોના ૧૬ જંકશન પર લેફટફ્રી પોઈન્ટ અમલમાં મુકવાનો નિર્ણય કર્યો છે. જાહેર રસ્તા પર ખાડા ખોદી હોલિકા દહન કરતા હોય છે.

ત્યારે અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા અમદાવાદીઓને અપીલ કરવામાં આવી છે કે, હોલિકા દહન સમયે જાહેર રસ્તાઓ પર ખાડા ન કરવા જોઈએ. તેમજ હોલિકા દહન સમયે રોડ રસ્તાઓ પર ધૂળ કે માટી નાખી, ઈંટો મૂકી કરવું જોઈએ. કારણ કે રસ્તાઓ પર ખાડા કરવાની જાહેર રસ્તાને નુકશાન થાય છે.

### આંધી સાથે ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પલ્ટાના લીધે હોળી પ્રાગ્ટયને અનુલક્ષીને પણ આયોજકોમાં ચિંતા પ્રવર્તી હતી. જો કે સાંજના થોડા સમય માટે ધુળની આંધી ઉઠયા બાદ પવનનુ જોર ઘટી જતા નગરજનોએ પણ નિરાંત અનુભવી હતી. વરસાદી વાયરો ફુંકાતા ગમે ત્યારે ઝાપટુ વરસશે તેવી શકયતાઓ પ્રબળ બની હતી. જયારે વાતાવરણ પલ્ટાના અંતે મોડી સાંજે વરસાદી છાટણા પડયા હતા જેના લીધે ભીની માટીની મહેંક સાથે વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી વરસાદી છાંટણા સાથે પવન ફુંકાતા નગરજનોએ મોસમની મજા માંણી હતી.

### અંબાજી મંદિર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે અંબાજીના સુપ્રસિદ્ધ મોહનથાળના પ્રસાદને બંધ કરી તેની જગ્યાએ ચીકીનો પ્રસાદ આપવાનો નિર્ણય ટ્રસ્ટીઓએ કર્યો હતો. આ નિર્ણયનો વિરોધ ભાવિકોમાં ખૂબ થયો હતો. પરંપરાગત રીતે અપાતા મોહનથાળના પ્રસાદને બંધ કરવાના નિર્ણય સામે ભાવિકો અને અનેક સાધુ-સંતોએ વિરોધ નોંધાવ્યો હતો. છેક મુખ્યમંત્રી સુધી આ બાબતની રજૂઆત પહોંચી હતી. આ ઉપરાંત વિધાનસભામાં પણ આ મુદ્દો ગાજ્યો હતો. આ વિરોધ વધુ પ્રસરે તે પહેલા જ ભાવિકોની લાગણીને માન આપી મોહનથાળના પ્રસાદને બંધ કરવાનો નિર્ણય સ્થગિત કરી દેવાયો હતો. હવેથી અંબાજીમાં મોહનથાળનો પ્રસાદ આપવાની પરંપરા જ ચાલુ રહેશે.

### ફ્લાય ઓવર ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્ટડી કરી ડિટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. ફલાય ઓવર બ્રિજ માટે ડીઝાઈન તૈયાર કરવાનુ કામ પણ ખાનગી એજન્સીને સોંપવામાં આવશે જયારે આ બાંધકામ કરવા માટે વન વિભાગ અને પાણી ગટર સહીતની વિવિધ લાઈનો ખસેડવા મામલે સંબંધિત તંત્ર પાસેથી મંજુરી પણ એજન્સીએ જ મેળવવાની રહેશે.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થયેલ મહેકમ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓની સંખ્યા ૪૫૫ છે.

આ પૈકી ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ ૩૩૫ જગ્યાઓ ભરાયેલી છે. જ્યારે ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ ૧૨૦ જગ્યાઓ ખાલી છે.

● **અને છેલ્લે...**

રાજ્યમાં ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ ૬૯૪૧૦ બેઠકો છે. આ પૈકી સરકારી કોલેજમાં ૪૮૮૬, અનુદાનિત કોલેજોમાં ૪૦૩ અને સ્વનિર્ભરમાં ૩૪૦૭૧ બેઠકો વર્ષ ૨૦૨૨-૨૩માં ખાલી રહેવા પામી છે.